# ફતેપુરા ગામની સમસ્યાઓને ઉકેલ લાવીશ : ડો. શંકરસિંહ રાણા



ગાંધીનગર, તા. ૭

મધુર ડેરી સાથે સંકળાયેલ ગામોમાં, 'મારૂ ગામ, આગવુ ગામ' મધુર પ્રયાસ' અભિયાન અન્વયે તા. ૭-૯-૨૨ના રોજ ફતેપુરા ગામમાં ગ્રામજનોના દૈનિક જીવનમાં પડતી મુશ્કેલીઓ, સમસ્ત ગામની સમસ્યાઓ, ગામના વિકાસમાં અવરોધરૂપ અંતરાયો વગેરે બાબતે ગામના પૂવ પંચાયત સદસ્ય, વિવિધ જ્ઞાતિ, સમાજના વડીલો, યુવાનો, મહિલાઓની હાજરીમાં ચર્ચા થઈ હતી. ચર્ચામાં ગ્રામજનો અને આંગણવાડીના ઈન્ચાર્જ તરફથી આંગણવાડીની ગટરલાઈન બાબત, ગામના પશુઓના પાણી પીવાના હવાડા બાબત, ચોમાસા દરમિયાન રસ્તામાં પાણીના ભરાવા બાબત, યુવાનોની કારકિર્દી બાબતે રજૂઆત થઈ હતી અને આ ચર્ચાના અંતે પ્રશ્નોના નિરાકરણ માટે કે કાયમી ઉકેલો અને ઉપાયો માટે મધુર ડેરીના પ્રયાસો રહેશે તેમ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતુ કે આ ગામની જે મુશ્કેલીઓ, સમસ્યાઓ માટે થોડા સમય અને ક્રમબદ્ધ આયોજનથી સૌ સાથે મળી ઉકેલીશુ. યુવાનોની કારકિર્દી ઘડતર માટે મધુર ડેરીએ મધુર કેરિયર એકેડેમી ટૂંક સમયમાં જ ચાલુ કરવા જઈ રહ્યા છીએ તેમ જણાવ્યુ હતુ.

# ધોળાકુવાના મુખ્ય માર્ગ પર રખડતી ગાયોના અડીંગાથી અકસ્માતનું જોખમ..!!





ગાંધીનગર, તા.૦૭

રાજ્યભરમાં રખડતા ઢોરનો મામલો ખુબ ગરમાયો છે અને રખડતાં ઢોરને કારણે અનેક નાગરિકોને ઈજા થવાના કિસ્સાં રાજ્યભરમાં બની રહ્યાં હોવાથી સામાન્ય નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. ગાંધીનગરમાં પણ ઘણા સમયથી રોડ પર બેફામ રીતે રખડતાં ઢોરની સમસ્યા સતાવી રહી છે જેના કારણે માર્ગો પર અકસ્માતનો ભય અને સિનિયર સિટિઝન કે મહિલા-બાળકો માટે જોખમ ભરેલી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના લગભગ દરેક સેક્ટરમાં રખડતી ગાયોની સમસ્યાથી વસાહતીઓ ત્રસ્ત છે અને શહેરના ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર પણ હવે આ સમસ્યા વકરી રહી છે. ગાંધીનગરના ધોળા કુવા ખાતે મુખ્ય માર્ગ પર જ ગાયોના અડીંગા જામતાં હોવાથી આ વિસ્તારમાં પસાર થતાં વાહનચાલકો તેમજ રાહદારીઓને જીવના જોખમે ડરતાં ડરતાં પસાર થવું પડી રહ્યું છે જેથી અહીં ઢોરને રસ્તા પર રખડતાં મુકનાર ઢોર માલિકો પ્રત્યે રોષની લાગણી પ્રવર્તી રહી છે તેમજ તેવા ઢોર માલિકો વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક જનતામાં માંગ ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ તાજેતરમાં એક પદયાત્રા દરમ્યાન રખડતી ગાયની અડફેટે આવી જવાથી ઈજાગ્રસ્ત થવા પામ્યા હતા જેના પગલે રાજ્યભરમાં રખડતાં ઢોરો પ્રત્યે આક્રોશ પ્રવર્તી રહ્યો છે અને નામદાર કોર્ટ દ્વારા પણ વારંવાર આ મામલે કડક હાથે કામ લેવા સરકારને તાકીદ કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરમાં ધોબી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, જે કહેવું તે કરવું અને જે કરવું તે જ કહેવું એવી કાર્યસંસ્કૃતિ ગુજરાતની ભાજપા સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં અપનાવી છે. ઠાલા વચન-વાયદાઓ આપી સત્તા મેળવવાની હોડ કરનારા ક્યારેય સાચો વિકાસ કરી શકે નહીં, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર ખાતે આયોજિત ધોબી સમાજના સ્નેહમિલન સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. ધોબી સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, ગુજરાત સરકારનું નાણાકીય વ્યવસ્થાપન દેશભરમાં અવ્વલ દરજ્જાનું છે. જરૂરતમંદોને સહાય-મદદ કરવામાં, ગરીબ-મધ્યમ વર્ગના લોકોના કલ્યાણ માટે સરકારે ક્યારેક પાછી પાની કરી નથી અને કરશે પણ નહીં. તેમણે કહ્યું કે, હવે તો, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારી યોજનાઓના સેચ્યુરેશનનો વિચાર આપ્યો છે. યોજનાઓના લાભ કરોડો નાગરિકોને ઘરે બેઠાં મળી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકાર તમામ સમાજ-વર્ગોના સામુહિક ઉત્કર્ષ માટે કર્તવ્યરત છે. જ્યાં જેમને જેવી જરૂર હશે, ત્યાં સરકાર તેમની પડખે છે, પરંતુ રેવડી કલ્ચરમાં આપણે સપડાવવાનું નથી. આ રાહે ચાલનારાઓની હાલત કેવી થઈ છે, તે સૌ કોઈ જાણે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# વિસર્જન પહેલાં યુવાનોની "સેલ્ફી વીથ ગણેશા"..!!



સમગ્ર ગાંધીનગર તાલુકામાં ગણેશ ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે અને શ્રધ્ધાળુઓ ઉલ્લાસપૂર્વક બાપ્પાની ભક્તિ કરી રહ્યાં છે. જોકે હવે આ ઉત્સવ પૂર્ણતાને આરે છે અને અનેક ગણેશ વિસર્જન યોજાઈ રહ્યાં છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે યુવાનો દ્વારા આયોજિત ગણેશ મહોત્સવનું સમાપન થતાં યુવાનોએ જોશભેર ગણપતિ વિસર્જનની શોભાયાત્રા યોજી હતી. આ શોભાયાત્રા દરમ્યાન વિદાય લઈ રહેલા મંગલમૂર્તિ સાથે યુવાનો "સેલ્ફી વીથ ગણેશા" લેવાનું ચુક્યાં નહોતાં.

# માહિતી ખાતાના વર્ગ-3 કર્મચારી મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

## પ્રમુખ તરીકે કિરીટ બેન્કર અને મહામંત્રી તરીકે પરિમલ પટેલની વરણી





ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળ વર્ગ-૩ની તા. ૦૭-૦૯-૨૦૨૨ને બુધવારના ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની મળેલી સામાન્ય સભા મળી હતી. જેમાં ૨૦૨૨-૨૩ના વર્ષ માટે શ્રી કિરીટ બેન્કરની પ્રમુખ તરીકે અને શ્રી પરિમલ પટેલની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાંવર્ષ૨૦૨૨-૨૩ના વર્ષમાટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે સર્વશ્રી પ્રવિણ બારોટ, શ્રી એચ. વી. ગોહિલ, શ્રી દેવાંગ મેવાડા, શ્રી જી. એસ. ઠાકોર અને શ્રી પી. પી. સોરઠીયા, સહમંત્રી તરીકે શ્રીમતી ધર્મિષ્ઠાબેન સોની, ખજાનચી તરીકે શ્રી ધવલ શાહની નિમણૂંક કરવામાંઆવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વશ્રી પી. એચ. ચૌધરી (વડી કચેરી), શ્રી બી. ટી. ઠુમર (સૌરાષ્ટ્ર ઝોન), શ્રી યજ્ઞેશ પંડયા (મધ્ય ઝોન), શ્રી નરેશ પટેલ (દક્ષિણ ઝોન) અને શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે. કારોબારી સભ્યોમાં સર્વશ્રી પી. વી. મોઢ, શ્રી જયંતિભાઈ ચૌધરી, શ્રી સંજયસિંહ ચાવડા, શ્રી અક્ષય દેસાઇ, શ્રી વિપુલ ચૌહાણ, શ્રી જયેશ પુરોહિત, શ્રી સંજય રાજ્યગુરૂ, શ્રી દર્શન ત્રિવેદી, શ્રી મહેશ પટેલ, શ્રી મનોજ ખેંગાર, શ્રી હરીશ પરમાર, શ્રી શૈલેષ ગોહિલ, શ્રીમતી શિરીન સૈયદ, શ્રીમતી ફોરમબેન રાઠોડ અને શ્રી અનામિકા શ્રીમાળીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સે. ૨૩ ખાતે શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર,તા. ૭

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેકટર-૨૩, ગાંધીનગરની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લિશ મીડીયમ બી.એડ. કોલેજમાં તા. ૫-૯-૨૨ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના તાલીમાર્થીઓ ડીન, એચ.ઓ.ડી. અને અધ્યાપકોની ભૂમિકામાં રહીને શિક્ષક દિનને સાર્થક રીતે ઉજવવામાં સફળ રહ્યા હતા. એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ભૂમિત ચૌધરી, આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડીયમ બી.એડ. કોલેજમાં દિક્ષિતા પટેલે બેસ્ટ ટીચર તરીકે પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ.

# અંકિતાબેન પટેલ નું સાઉથ એશિયા ટીચર્સ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨ થી સન્માન



ગાંધીનગર, તા. ૭

ગોપાલ કિરણ સમાજસેવી સંસ્થા ગ્વાલિયર દ્વારા તારીખ ૪/ ૯/ ૨૦૨૨ ના રોજ લખનૌ- ઉત્તર પ્રદેશ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો શિક્ષક સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ની ગોગાપુરા પ્રાથમિક શાળા ના શિક્ષિકા પટેલ અંકિતાબેન ગોવિંદભાઈ નું સાઉથ એશિયા ટીચર્સ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨ થી સન્માન કરવામાં આવ્યું હતું અંકિતાબેન પટેલ દ્વારા શિક્ષણમાં સતત નવીન ઈનોવેશન દ્વારા બાળકોને શિક્ષણ કાર્ય કરાવવા માટે તેમજ બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળી તે માટે નવી નવી રમતો, પ્રવૃત્તિઓ,અને પ્રોજેક્ટ દ્વારા પ્રેરિત થઈને લખનઉ મુકામે સન્માન કરવામાં આવ્યું હતું

# યાત્રાધામોનો વિકાસ કરતી ડબલ એન્જિન સરકાર


**શ્રદ્ધાળુઓની સુગમતા અને પ્રવાસીઓની સરળતા માટે ગુજરાત સરકારે યાત્રાધામોની સુવિધાઓ વિકસાવી**

**અંબાજી, સોમનાથ, પાવાગઢ, ગીરનાર જેવા યાત્રાધામોના વિકાસ સાથે પર્યટકો અને શ્રદ્ધાળુઓની સંખ્યા બેવડાઈ**

ગુજરાતની ભૂમિ પાવન ભૂમિ કહેવાય છે. એક તરફ અહીં માં અંબા અને માતા મહાકાળીના પાવન તિર્થ આવેલા છે. તો બીજી તરફ આ હરિહરની પણ ભૂમિ છે. અહીં સોમનાથ ખાતે પ્રથમ જ્યોતિર્લિંગ સ્વરૂપમાં મહાદેવ છે અને દ્વારકામાં શ્રી હરિ કૃષ્ણ બિરાજમાન છે. ડાકોરમાં ભક્ત બોડાણાના તપથી પ્રસન્ન ઠાકોરજી છે. સાથે જ, ગુજરાતમાં પાવન ગીરનાર એ અનેક સાધુ સંતોનું પવિત્ર આશ્રય સ્થાન છે. ગિરનારની લીલી પરિક્રમાનું શ્રદ્ધાળુઓમાં અદમ્ય મહાત્મ્ય રહેલું છે.

ગુજરાતી પ્રજા એટલે મૂળભૂત રીતે ભક્તિમય અને પ્રવાસી પ્રજા! રાજ્ય સરકાર પ્રવાસી શ્રદ્ધાળુઓની પ્રાર્થના અને પર્યટન બંન્ને સુગમ બને તે માટે સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીક રાજ્યના પવિત્ર યાત્રાધામોને ભવ્ય બનાવવા પાયો નાખ્યો હતો. આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્યની ડબલ એન્જિન સરકાર રાજ્યના યાત્રાધામોનો વિકાસ કરી રહી છે.

## ગીરનાર યાત્રાધામ



ગીરનાર યાત્રાધામ ખાતે રોપ-વે કાર્યાન્વિત થતા શ્રધ્ધાળુઓ/પ્રવાસીઓની સંખ્યામાં થતા વધારાને ધ્યાને રાખી અંબાજી ટુંક ઉપર યાત્રાળુઓની સુવિધાઓ અને સવલતોના રૂ.૩.૮૦ કરોડના વિકાસ કામો વર્ષ ૨૦૨૧માં પૂર્ણ કરવામાં આવ્યાં. ગીરનાર યાત્રાધામના સર્વાંગી વિકાસની કામગીરી કે જેમાં ભવનાથ તળેટીથી દત્તાત્રેય મંદિર સુધીના તમામ પગથિયાની મરામત તથા વિસ્તૃતિકરણ, પાયાની સુવિધા જેવી કે, શૌચાલય અને પીવાનું પાણી, અંબાજી ટુંક, દત્તાત્રેય ટુંક, ગોરખનાથ ટુંક વગેરે કામોનો સમાવેશ થાય છે તે હાથ ધરવા રૂ.૭૨.૦૦ કરોડની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

## અંબાજી મંદિરનો વિકાસ



બનાસકાંઠાના દાંતામાં આવેલું અંબાજી મંદિર પુરાણ પ્રસિદ્ધ શક્તિપીઠ તરીકે ઓળખાય છે. જે ૩૫૮ સુવર્ણ કળશ ધરાવતું દેશનું એક માત્ર શક્તિપીઠ છે. ગબ્બર ખાતે નવનિર્મિત ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથના વિકાસથી યાત્રિકોની સંખ્યામાં મોટો વધારો થયો છે. વર્ષ ૨૦૦૮માં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું, જે કામ વર્ષ ૨૦૧૪માં ૬૧.૫૭ કરોડના ખર્ચે પૂર્ણ થયું હતું. આ યાત્રાધામને કેન્દ્ર સ્થાને રાખીને રાજ્ય સરકાર ખૂબ ઝડપી નિર્ણયો લઈને અંબાજી યાત્રાધામને ભારત દેશનું આદર્શ યાત્રાધામ બનાવવાની દિશામાં કામ કરી રહી છે.

અંબાજી મંદિરના શિખરને સુવર્ણમય બનાવવાની કામગીરી પૂર્ણ થઈ છે. જેમાં ૧૪૦.૪૩ કિલોગ્રામ સોનુ અને ૧૫,૭૧૧ કિલોગ્રામ ચાંદી વપરાઈ છે. રૂપિયા ૨.૪૦ કરોડના ખર્ચે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ ખાતે લેન્ડસ્કેપીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મંદિરમાં ૪૪.૨૨ લાખના ખર્ચે સોલાર રૂફટોપ નાખવામાં આવ્યું છે. ૧૩.૩૫ કરોડના ખર્ચે ગબ્બર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે. આવનાર દિવસોમાં અંબાજી ખાતે આવનાર યાત્રિકોની આગામી ૫૦ વર્ષની ગણતરીને ધ્યાનમાં લઈને વિકાસનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

## દ્વારકા યાત્રાધામ



દ્વારકા યાત્રાધામ ખાતે દ્વારકા તથા પંચકુઈને જોડતા સુદામાસેતુ બ્રીજનું નિર્માણ ફેબ્રુઆરી, ૨૦૧૬માં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ૫૦:૫૦% સહયોગથી કુલ રૂ.૭.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું હતું..દ્વારકા યાત્રાધામ ખાતે આવતા યાત્રાળુઓને વધુમાં વધુ સુવિધા મળે તથા આગામી વર્ષોમાં હાથ ધરી શકાય તેવા પ્રોજેકટના આયોજન માટે દ્વારકા યાત્રાધામના પ્રોસ્પેકટીવ પ્લાનિગ અને શેલ્ફ ઓફ પ્રોજેકટસ માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

## સોમનાથ મંદિરનો વિકાસ




સૌરાષ્ટ્રને કાંઠે આવેલું પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર કરોડો લોકોના આસ્થાનું કેન્દ્ર છે. સોમનાથ ખાતે પ્રવાસીઓ માટે કેવ મ્યુઝીયમ અને રહેવા માટે આધુનિક સુવિધાઓ વાળા સર્કીટ હાઉસનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રસાદ યોજના અતંર્ગત સોમનાથ ધામમાં યાત્રિઓની સુવિધાઓ માટે અનેક વિકાસના કામો થઈ રહ્યા છે. હયાત પ્રવાસ ધામોનું રિ-ડેવલપમેન્ટ પણ સતત થતું જાય છે. ટુરિઝમના નવા આકર્ષણો પણ ઉમેરાતા રહે તેવી તેમની નેમ છે. ૨૪૬૭ સ્વચ્છતા-સફાઈ સહિતની સુવિધા અહીં વિકસી છે. પ્રધાનમંત્રીશ્રી સ્વયં જેના અધ્યક્ષ છે તે સોમનાથ મંદિર પરિસરમાં સોલાર રૂફટોપ અને સોલાર એનર્જીના ઉપયોગથી ૨૦૦ કે.વી.એ. ગ્રીન ક્લીન એનર્જીનો વિનિયોગ થાય છે. એટલું જ નહીં, યાત્રાધામનું પર્યાવરણ પણ શુદ્ધ રહે તે માટે ગેસ્ટ હાઉસીસ અને ટોયલેટમાં ઝીરો ડીસ્ચાર્જ અંતર્ગત એસ.ટી.પી. બનાવવામાં આવ્યા છે અને રોજનું સવા લાખ લીટર ગંદુ પાણી શુદ્ધ થઈ બાગ-બગીચા વગેરેમાં પુનઃ ઉપયોગમાં લેવાય છે.

શ્રી સોમનાથ મંદિરનું નવીનતમ ટેકનોલોજીથી સ્કેનીંગ કરી થ્રી-ડી પ્રતિકૃતિથી પ્રચાર-પ્રસાર કરી શકાય તેમજ અન્ય જો મંદિરને અથવા તેના કોઈ ભાગને નુકશાન થાય તો તેનું આબેહુબ નિર્માણ કરી શકાય તે હેતુથી તેના થ્રી-ડી લીડાર સ્કેનીંગની રૂ.૪.૮૮ કરોડની અંદાજિત રકમની કામગીરી પ્રગતિ હેઠળ છે. સોમનાથ યાત્રાધામ ખાતે નેશનલ હાઈવેથી સોમનાથ મંદિર સુધીના ૧ કિ.મી. લંબાઈના ટુ લેન રસ્તાને ફોર લેન કરવાની રૂ.૫.૦૦ કરોડની અંદાજિત કિંમતની કામગીરી પ્રગતિમાં છે.

## અન્ય મહત્વની કામગીરી :

- ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કંથારપુર મુકામે આવેલ ઐતિહાસીક શ્રી મહાકાલી વડ (કંથારપુર વડ) ખાતે વિકાસ કામો માટે મળેલ કુલ રૂ.૧૪.૯૬ કરોડની વહિવટી મંજુરી અંતર્ગત પ્રથમ તબક્કામાં રૂ.૬.૦૦ કરોડના અંદાજિત રકમના વિકાસ કામો જેવા કે, લેન્ડસ્કેપીંગ, ધ્યાન/યોગ કરવાની જગ્યાઓ, એક્ઝિબીશન હોલ, પાથ-વે, ગેધરીંગ એરીયા, બોર, ઈલેકટ્રીકલ અને પ્લમ્બિંગ વગેરે પ્રગતિ હેઠળ છે.
- કચ્છ જિલ્લામાં આવેલ માતાનો મઢ યાત્રાધામનું માસ્ટર પ્લાનિગ કરી તેનો સર્વગ્રાહી વિકાસ કરવા અંગે અંદાજે રૂ.૩૧.૦૦ કરોડના કામો માટેની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.
- પોરબંદર જિલ્લાના માધવાપુર ઘેડ મુકામે આવેલ શ્રી ક્રિષ્ણા રૂક્ષ્મણી યાત્રાધામનું માસ્ટર પ્લાનિગ કરી તેનો સર્વગ્રાહી વિકાસ કરવા અંગે રૂ.૪૭.૯૯ કરોડના અંદાજિત રકમના કામો હાથ ધરવા અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે.
- કચ્છ જિલ્લામાં આવેલ નારાયણ સરોવર યાત્રાધામનું માસ્ટરપ્લાનીંગ કરી અંદાજિત રૂ.૩૦.૦૦ કરોડના ખર્ચે સર્વગ્રાહી વિકાસ કરવા બાબતેની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- આદિવાસી વિસ્તારમાં આવેલ સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલ મુકામે આવેલ અનાવલ ત્રિવેણી સંગમ ખાતે યાત્રાળુઓની સુવિધાઓ માટે અંદાજિત રૂ.૧૦.૦૦ કરોડના ખર્ચે વિકાસ કામો માટે જરૂરી કાર્યવાહી પ્રગતિમાં છે. તદઉપરાંત શ્રી શબરીધામ મંદિર, જિ.ડાંગ ખાતે રૂ.૫.૦૦ કરોડની અંદાજિત રકમના વિકાસ કામો પ્રગતિ હેઠળ છે.
- દલિત સમાજના શ્રધ્ધાના સ્થાનો જમાલપુર, અમદાવાદ શહેર (રૂ.૧.૨૧ કરોડ), શ્રી બેચરસ્વામી આશ્રમ, મુ.તા.સિધ્ધપુર, જિ.પાટણ (રૂ.૩.૦૦ કરોડ), શ્રી વીર મેઘમાયા સ્મારક, મુ.તા.જિ.પાટણ (રૂ.૩.૧૭ કરોડ), શ્રી ત્રિકમ સાહેબની જગ્યા, મુ.મુજપુર, તા.સમી, જિ.પાટણ (રૂ.૦.૯૯ કરોડ) ખાતે વિકાસ કામગીરી પૂર્ણ કરેલ છે તથા શ્રી બેચરસ્વામી આશ્રમ, મુ.તા.સિધ્ધપુર, જિ.પાટણ (તબક્કો ૨), શ્રી વીર મેઘમાયા સ્મારક, મુ.તા.જિ.પાટણ (તબક્કો ૨), શ્રી ત્રિકમ સાહેબની જગ્યા, મુ.ચિત્રોડ, તા.રાપર. જિ.કચ્છ વગેરે જગ્યાએ વિકાસ કામો હાથ ધરવા જરૂરી કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

## પાવાગઢ યાત્રાધામ



પાવાગઢ મંદિર ખાતે લગભગ ૫૦૦ વર્ષ પછી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું છે. પાવાગઢના વિકાસ માટે કુલ રૂપિયા ૧૨૧ કરોડની વહીવટી મંજુરી અંતર્ગત તબક્કા-૧ માં પગથિયાનું વિસ્તૃતિકરણ, ટોયલેટ બ્લોકસ, પોલીસ બુથ, સીટીંગ પેવેલીયન વગેરે કામો વર્ષ ૨૦૧૭માં શરૂ કરી જાન્યુઆરી, ૨૦૨૧માં પૂર્ણ કરવામાં આવેલ તથા તબક્કા-૨માં મુખ્ય મંદિર પરીસરનું વિસ્તૃતિકરણ, સ્ટ્રીટ લાઈટ, પી.એ.સીસ્ટમ, સી.સી.ટી.વી. વગેરે કામો વર્ષ ૨૦૧૭માં શરૂ કરી માર્ચ, ૨૦૨૨માં પૂર્ણ કરવામાં આવેલ છે. પાવાગઢ યાત્રાધામ ખાતે આવતા યાત્રાળુઓ માટે માંચી ચોક ખાતે રૂ.૩૧.૦૦ કરોડની અંદાજિત રકમના વિકાસકામો જેવા કે, મુખ્યત્વે પાર્કીંગ તથા પબ્લિક પ્લાઝા, રેસ્ટ એરીયા, ઓફીસ બિલ્ડીંગ, ડોરમેટરી, તેલીયા તળાવના બ્યુટીફીકેશનની કામગીરી વગેરે કામો હાથ ધરવા અંગે કાર્યવાહી પ્રગતિમાં છે.